**<u>શંખેશ્વરના મે. પ્રિન્સીપાલ સીવીલ જજ અને જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટ, મુ. શંખેશ્વર.</u>**

ક્રીમીનલ ઈન્કવાયરી નંબર–૦૧/૨૦૧૯
આંક– ૧ લગત હુકમ

ફરીયાદી – ઠાકોર વેરશીભાઈ નાનજીભાઈ
રહે. રણોદ, તા–સમી, જી–પાટણ.

**<u>વિરુદઘ</u>**

આરોપી – (૧) પ્રજાપતિ રણછોડભાલ વજાભાઈ,
(૨) પ્રજાપતિ મનજીભાઈ વજાભાઈ
(૩) પ્રજાપતિ કાન્તીલાલ શિવાભાઈ
(૪) ઠક્કર દિપકકુમાર રસિકલાલ
(૫) એન.એમ.જોષી
રહે. નંબર–૧,૨ રુની, તા–સમી, જી–પાટણ.
રહે. નંબર–૩,૪,૫ હારીજ, તા–હારીજ, જી–પાટણ.

ગુનો – ભારતીય ફોજદારી ધારાની કલમ–૪૬૫,૪૬૭,૪૭૧,૧૧૪ તથા ૧૨૦ બી

**<u>–: હુકમ :–</u>**

ફરીયાદીની માલિકી કબજા હક્ક ભોગવટાવાળા ખેતરો જે મોજે મોટી ચંદુર, તા. સમી. જી.પાટણ ગામની સીમના રે.સ.નં–૭૯૪, એકર ૬.૧૪ ગુંઠા, હે.આરે.ચો.મી. ૨–૫૬–૯૮ તથા રે.સ.નંબ–૭૯૫, એકર ૭.૦૫ ગુંઠા, હે.આરે.ચો.મી. ૨–૮૮–૩૪ વાળી ખેતીની જમીનો અમારા સ્વ. વડવા ઠાકોર નાનજીભાઈ દજાભાઈની માલિકીની આવેલી અને જઓ ગુજરી જતાં જેઓની સીધી લીટીના વારસદાર તરીકે હાલના અમો ફરીયાદી તથા સ્વ. ઠાકોર લખુજી નાનજીજી, સ્વ. ઠાકોર રતુજી નાનજીજી વિગેરેનાઓની સંયુક્ત કબજા હક્ક

ભોગવટામાં આવેલ હતી અને સદર જમીનનો સ્થળ પરનો શાંત કબજો ભોગવટો હાલના કામના ફરીયાદીના સ્વ. ભાઇ ઠાકોર લખુજી નાનજીજીના વારસદારોનો હતો.

આ કામના સામાવાળાઓએ એક બીજાના મીલાપીણામાં મોજે મોટી ચંદુર, તા. સમી. જી. પાટણની સીમના રે.સ.નં. ૭૯૪, એકર ૬.૧૪ ગુંઠા, હે.આરે.ચો.મી. ૨–૫૬–૯૮ તથા રે.સ.નં.૭૯૫, એકર ૭.૫ ગુંઠા, હે.આરે.ચો.મી. ૨–૮૮–૩૪ વાળી જમીન અમો ફરીયાદીની કોઇપણ જાતની સર્વ સંમતી વિના ફરીયાદી સહિ કરતા હોવા છતાં આ કામના સામાવાળાઓએ ઉપરોક્ત બન્ને સર્વે નંબર વાળી જમીનનો રજીસ્ટર દસ્વાતેજ નંબર–૨૯૨, તારીખ–૦૭/૦૫/૨૦૦૪ ના રોજ સબ રજીસ્ટ્રાર કચેરી, હારીજ મુકામે એક નંબરની બુકમાં નોંધણી કરાવેલ અને સદર રજીસ્ટર દસ્તાવેજમાં ખરીદનાર તરીકે આરોપી નંબર–૫ એન.એમ.જોષીનાઓએ સ્ટેમ્પ ખરીદ કરેલ છે અને કહેવાતા દસ્તાવેજમાં ફરીયાદીના ભાઇ ઠાકોર રતુજી નાનજીજી ભણેલા ન હોવા છતાં કહેવાતા રજીસ્ટર દસ્તાવેજમાં ઠાકોર રતુજી નાનજીજી નામની સહિ કરેલ છે અને અમો ફઈરીયાદી ભણેલ હોવા છતાં તેમજ અમારી બેન કડવીબેન નાનજીભાઇના નામના ખોટા અંગુઠાઓ ઉભા કરી અંગુઠામાં ઓળખ આપનાર તરીકે આરોપી નંબર–૩ પ્રજાપતિ કાન્તીભાઇ શીવાભાઇનાઓએ ઓળખ આપેલ છે. તથા સાહેદ તરીકે ઠક્કર દીપકકુમાર રસીકલાલ તથા સ્ટેમ્પ ખરીદનાર જોષી નટવરલાલ મણીલાલ નાઓએ પણ કહેવાતા રજીસ્ટર દસ્તાવેજમાં સાક્ષીઓ તરીકે સહિઓ કરી કહેવાતો રજીસ્ટર દસ્તાવેજ પ્રિપ્લાન મુજબ ખોટું રેકર્ડ ઉભુ કરવા માટે ખોટા પુરાવા ઉભા કરી અને ખોટો દસ્તવેજ કરેલ છે.

આમ આ કામના તમામ સામાવાળાઓએ એકબીજાના મીલાપીપણામાં કાવતરુ રચી અમો ફરીયાદીની સંયુક્ત માલીકી કબજા હક્ક ભોગવટાવાળી જમીનોમાં અમો ફરીયાદી કે અમારા સહ કુટુંબીજનોની સર્વ સંમતિ વિના ખોટી સહિ, ખોટા અંગુઠા ઉભા કરી ખોટું રેકર્ડ ઉભુ કરી ખોટો દસ્તવેજ કરી રેવન્યુ રેકર્ડમાં તેઓના નામે ખોટી એન્ટ્રીઓ પડાવેલ છે અને આમ કરી આ કામના તમામ સામાવાળાઓએ ફોજદારી ધારાની કલમ–૪૬૫,૪૬૭,૪૭૧,૧૧૪ તથા ૧૨૦ બી મુજબનો ગંભીર પ્રકારનો ગુન્હો આચરેલ હોઈ જે લગતની ફરીયાદ અમો ફરીયાદીએ મે. જીલ્લા પોલિસ વડા અધિકારી સાહેબશ્રી, તા–૧૫/૧૨/૨૦૧૮ ના રોજ ફેક્સ દ્વારા તથા પોલીસ ઇન્સપેક્ટર સાહેબશ્રી, શંખેશ્વર તથા પોલીસ ઈન્સપેક્ટર સાહેબશ્રી, સમીને તારીખ–૧૭/૧૨/૨૦૧૮ ના રોજ રજીસ્ટર એડી મારફત આપેલ પરંતુ પોળિસ દ્વારા આજ દીન સુધી કોઇ જ કાર્યવાહી કરવામાં ન આવતા અત્રેની કોર્ટમાં સદરહુ ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે.

આમ, ઉપર મુજબની ફરીયાદીની ફરીયાદની હકિકતો જોતા તેઓ મોટી ચંદુર ગામે આવેલ રે.સ.નં–૭૯૪ અને ૭૯૫ ના માલિક હોવા છતા તેમની કોઇ સંમતિ વગર આ કામના સામાવાળાઓએ એક બીજાના મેળાપીપળામાં ખોટી રીતે દસ્તાવેજ બનાવી તેનો વેચાણ દસ્તાવેજ રજીસ્ટ્રાર કચેરી હારીજમાં રજીસ્ટર કરાવી તેમનો હક ડુબાવેલ છે તે અંગેની ફરીયાદ અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે અને સામાવાળાઓ સામે ઇ.પી.કો. કલમ–૪૬૨,૪૬૭,૪૭૧,૧૧૪ અને ૧૨૦ બી મુજબનો ગુનો આચરેલ હોય સી.આર.પી.સી.ની કલમ–૧૫૬–૩ મુજબ શંખેશ્વર પોલીસને ગુનો નોંધવા માટે અને તે લગત કાર્યવાહી કરવા માટે રજુઆત કરેલ છે.

ફરીયાદીની ફરીયાદ જોતા તેઓએ ફરીયાદની સાથે કહેવાતો ખોટો વેચાણ દસ્તાવેજ તારીખ–૦૭/૦૫/૨૦૦૪ ના રોજનો રજુ કરેલ છે તે સિવાય તેઓએ વિભીન્ન પોલીસ કચેરીને આર.પી.એડી થી મોકલેલ નોટીસની નકલ અને આર.પી.એડીની સ્લીપ રજુ કરેલ છે. આમ, જે વેચાણ દસ્તાવેજને ફરીયાદી સદરહુ ફરીયાદમાં પડકારે છે કે જે સને ૨૦૦૪માં હારીજ સબ રજીસ્ટ્રારની કચેરીમા રજીસ્ટર્ડ થયેલ છે અને ફરીયાદીએ હાલની આ ફરીયાદ તે દસ્તાવેજ રજીસ્ટર્ડ થયા પછીના ૧૫ વર્ષ પછી દાખલ કરેલ છે. વધુમાં, તે દસ્તાવેજ ખોટો હોય તે દર્શાવવા માટે તેઓએ કોઇ પણ પુરાવા આ કામે ફરીયાદ સાથે રજુ કરેલ નથી ફક્ત ફરીયાદમાં એટલુજ જણાવેલ છે કે, તેમની સંમતિ વગત તેમજ તેઓ સહિ કરતા હોવા છતા દસ્તાવેજમાં અંગુઠાનુ નિશાન છે  જે ખોટી રીતે ઉભુ કરવામાં આવેલ છે અને જેથી સદરહુ દસ્તાવેજ ખોટો છે તે જણાવેલ છે. ૨૦૦૪ ના રજીસ્ટર્ડ દસ્તાવેજને ફરીયાદી ૧૫ વર્ષ પછી ૨૦૧૯ મા પડકારવા માંગે છે અને તે પુરવાર કરવા માટે ફક્ત તેમની ફરીયાદમાં દસ્તાવેજ ખોટો હોવાનો આક્ષેપ કરેલ છે. ફરીયાદીની ફરીયાદ જોતા તેમાં જે વિવાદ ફરીયાદી દ્વારા ઉભા કરવામાં આવેલ છે તે સંપુર્ણ પણે દિવાની પ્રકારનો છે તેમ જણાઇ આવે છે. વધુમાં, કાન્તીભાઇ રવજીભાઇ સોલંકી વિરુધ્ધ ગુજરાત રાજ્ય ના ચુકાદામાં નામદાર ગુજરાત હાઇકોર્ટના જસ્ટીસ શ્રી એન.વી.અંજારીયા સાહેબશ્રીએ જજમેન્ટમાં નામદાર ગુજરાત હાઇકોર્ટ અને સર્વોચ્ચ અદાલતના વિભિન્ન ચુકાદાઓને રીફર કરી એવુ નિરિક્ષણ કરેલ છે કે,  "Similarly in Prakash Ramchandra Barot (supra), this Court stated, When a document is executed by a person claiming a property which is not his, he is not claiming that he is someone else nor is he claiming that he is authorised by someone else. Therefore, execution of such document

(purporting to convey some property of which he is not the owner) is not execution of a false document as defined under section 464 of the Code. If what is executed is not a false document, there is no forgery. If there is no forgery, then neither section 467 nor section 471 of the Code are attracted. Besides the above, the entire nature of transaction with reference to which the criminal offence is alleged were apparently of civil nature. The basic contours of the criminal offences sought to be alleged in the F.I.R. was of civil dispute. The principle is well settled that criminal proceedings are not misused for settling the scores or pressurising the parties to settle the civil disputes. In Y.V. Jose v State of Gujarat [(2009) 3 SCC 78], was a case where a dispute between the appellants and respondent No. 2 was regarding supply of a machine. The Apex Court observed considering the facts of the case that matter essentially involved dispute of civil nature and may not be allowed to be resorted to as a short-cut. In Rajeeb Ranjan v R. Vijaykumar [(2015) 1 SCC 513] facts were that criminal complaint was filed after the complainant lost civil litigation, which was termed as misuse and abuse of process of law."

જો કહેવાતો દસ્તાવેજ ખોટો હોય તો ફરીયાદી દિવાની રાહે ન્યાય મેળવી શકે છે અને દિવાની કોર્ટમાં તે દસ્તાવેજ રદ બાતલ ઠરાવવા માટે દાવો કરી શકે છે. વધુમાં, એક મુખ્ય હકિકત જે ફરીયાદીની સદરહુ ફરીયાદમાં જણાવવામાં આવેલ નથી કે કહેવાતો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજને રદ બાતલ ઠરાવવા માટે અત્રેની કોર્ટમાજ રેગ્યુલર દિવાની મુકદ્દમાં નંબર-૮/૨૦૧૭ થી દાવો દાખલ કરવામાં આવેલ હતો અને તેમાં હાલના ફરીયાદી પ્રતિવાદી નંબર-૨ તરીકે હતા તેમજ આ કામના સામાવાળાઓ બીજા પ્રતિવાદીઓ તરીકે હતા. તે દાવામાં

પ્રતિવાદી નંબર–૨ એ જે આ કામના ફરીયાદી છે તેઓએ દાવા સામે કોઈ તકરાર લીધેલ ન હતી અને તે દાવાના પ્રતિવાદી નંબર–૪ અને ૫ નાઓ દ્વારા દાવા સામે તકરાર લીધેલ હતી. રેગ્યુલર દિવાની મુકદ્દમાં નંબર–૮/૨૦૧૭ના પ્રતિવાદી નંબર–૪ અને ૫ સને ૨૦૦૪ વાળા વેચાણ દસ્તાવેજના વેચાણ લેનાર છે. તે દાવા અત્રેની કોર્ટ દ્વારા ના મંજુર કરવામાં આવેલ હતા. ઉપરોક્ત હકિકત કે મોટી ચંદુર ગામના રે.સ.નં–૭૯૪ અને ૭૯૫ના વેચાણ દસ્તાવેજને પડકારવા માટે અત્રેની કોર્ટમાં દાવા દાખલ કરવામાં આવેલ હતો અને તે દાવા ના મંજુર થયેલ હતા તે મુજબની કોઈપણ હકિકત ફરીયાદી દ્વારા સદરહુ ફરીયાદમાં જણાવવામાં આવેલ નથી. જો હાલના ફરીયાદી દિવાની મુકદ્દમાં નંબર–૮/૨૦૧૭ મા થયેલ આ કોર્ટના હુકમથી સહમત નથી તો તેઓ તેની સામે અપીલ કરી શકે છે પરંતુ હાલના ફરીયાદી દ્વારા આવી કોઇ અપીલ નહી કરી અત્રેની કોર્ટ સમક્ષ હાલની આ ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે.

આમ, ઉપર કરેલ ચર્ચા મુજબ અત્રેની કોર્ટનુ એમ માનવુ છેકે, જે વિવાદ ફરીયાદી તેમની ફરીયાદમાં અત્રેની કોર્ટ સમક્ષ લઇને આવેલ છે તે સંપુર્ણ પણે દિવાની પ્રકારનો છે અને સને ૨૦૦૪ ના વેચાણ દસ્તાવેજ ખોટો હોય તે હકિકત ફરીયાદી પ્રથમ દ્રષ્ટીએ જણાવી શકેલ નથી. જો કહેવાતો વેચાણ દસ્તાવેજ ખોટી રીતે ઉભો કરવામાં આવેલ હતો તે હકિકત પ્રથમ દ્રષ્ટીએ સાબિત કરવામાં ફરીયાદી નિષ્ફળ નિવળેલ હોય ત્યારે ઇ.પી.કો કલમ–૪૬૫,૪૬૭,૪૭૧ અને ૧૨૦ બી મુજબ કોઇ ગુનો બનતો હોય તે માની શકાય નહી અને રજુ થયેલ ફરીયાદના આધારે  આ કામના સામાવાળાઓ સામે કોઇ કોઇ પ્રથમ દ્રષ્ટીએ

કોગ્નીઝેબલ ગુનો બનતો હોય તેમ જણાતુ ન હોય ફરીયાદીની ફરીયાદ લગત નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– : આખરી હુકમ : –**

ફરીયાદીની હાલની ફરીયાદ આથી ના–મંજુર કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તારીખ–૨૬/૦૪/૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

સ્થળ – શંખેશ્વર.
તારીખ – ૨૬/૦૪/૨૦૧૯

( અનુભવ પાન્ડેય )
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ
શંખેશ્વર.
UIC No.GJ01133